તાત્કાલિક :
ક્રમાંક : એસયુટી/૧૧૧૩/૧૦/ગ.(પા.ફા.-૧)

ગુજરાત સરકાર,
માર્ગ અને મકાન વિભાગ,
૧૪/૧, સરદાર ભવન,
સચિવાલય,ગાંધીનગર,
તા.૦૭/૦૩ /૨૦૧૯.

150 YEARS OF CELEBRATING THE MAHATMA

પ્રતિ,
સર્વે અધિક્ષક ઇજનેરશ્રીઓ,
માર્ગ અને મકાન વિભાગ.

**વિષય:** એલ.પી.એ.૩૮૦/૨૦૧૬ અને અન્ય (ગ્રૂપમેટર) ઇન
એસ.સી.એ.નં.૧૦૮૨૯/૨૦૦૩
વિરૂધ્ધ
ગુજરાત સરકાર અને અન્ય.

**સંદર્ભ:** (૧) નામદાર ગુજરાત હાઇકોર્ટ ખાતેની એલ.પી.એ. ૩૮૦/૨૦૧૬ (ગ્રુપ મેટર)માં નામદાર હાઇકોર્ટનો તા.૨૯/૦૬/૨૦૧૮ નો ચુકાદો. (સી.એ.વી. જજમેન્ટ)
(૨) જાહેર બાંધકામ વિભાગના તા.૧૬/૦૮/૧૯૭૩ ના ઠરાવ ક્રમાંક : ઈસી-ડબલ્યુસીઈ-૧૨૭૨(૨)-ગ.
(૩) માર્ગ અને મકાન વિભાગના તા.૨૦/૦૮/૨૦૧૪ ના ઠરાવ ક્રમાંક : ઈએસટી/૧૨૨૦૦૭/૬/૫૬/ગ.

**શ્રીમાન,**

ઉપરોક્ત વિષય પરત્વે આજ્ઞાનુસાર જણાવવાનું કે, સંદર્ભ-૧માં દર્શાવેલ જાહેર બાંધકામ વિભાગના તા.૧૬/૮/૧૯૭૩ ના ઠરાવથી મેન્ટનન્સ અને રીપેરઝ તેમજ સિંચાઇ વ્યવસ્થાપનને લગતી જે વર્કચાર્જ મહેકમ પરની જગ્યાઓની કાયમી ધોરણે કે લાંબાગાળા માટે જરૂરીયાત હોય તેવી વર્કચાર્જ મહેકમની જગ્યાઓને હંગામી જગ્યાઓમાં ફેરવવાની જોગવાઇ કરવામાં આવેલ હતી. જે ઠરાવમાં ઓછામાં ઓછા પાંચ વર્ષથી સતત ચાલુ હોય અને કાયમીધોરણે અથવા ૧૦-૧૫ કે તેથી વધુ વર્ષના લાંબાગાળા માટે આવશ્યકતા હોય તેવી વર્કચાર્જ જગ્યાઓને હંગામી જગ્યાઓમાં ફેરવવાની જોગવાઇ હતી. જે ઠરાવની જોગવાઇઓ મુજબ ઠરાવની તમામ જોગવાઇઓ સંતોષાતી હોય તેવી નિયત દરખાસ્તો ખાતાની વડાની કચેરીઓ દ્વારા વિભાગમાં મળે જરૂરી વિચારણા બાદ આવી વર્કચાર્જ જગ્યાઓને સમયાંતરે હંગામી જગ્યાઓમાં ફેરવવાની મંજુરી આપવામાં આવતી હતી. સદર તા.૧૬/૮/૧૯૭૩નો ઠરાવ મા.મ.વિભાગના સંદર્ભ-૩ માં દર્શાવેલ તા.૨૦/૦૮/૨૦૧૪ના ઠરાવથી રદ કરવામાં આવેલ. ત્યારબાદ વિભાગ હેઠળના વર્કચાર્જ કર્મચારીઓ દ્વારા નામ.હાઇકોર્ટ ખાતે સંખ્યાબંધ પીટીશનો દાખલ કરવામાં આવતાં, એસ.સી.એ.નં. ૧૦૮૨૯/૨૦૦૩ અને અન્ય (ગ્રુપ મેટર) ના કેસમાં નામ. હાઇકોર્ટએ તા.૦૪/૦૨/૨૦૧૬ના ચુકાદાથી વર્કચાર્જ કર્મચારીઓને પાંચ વર્ષની સેવા પુર્ણ કરે હંગામી મહેકમમાં સમાવી મળવાપાત્ર ઉચ્ચતર પગારધોરણનો લાભ આપવા જણાવેલ. જે તા.૦૪/૦૨/૨૦૧૬ના ચુકાદા સામે નામ. હાઇકોર્ટ ખાતે સરકાર પક્ષે દાખલ કરવામાં આવેલ અપીલ એલ.પી.એ.નં.૩૮૦/૨૦૧૬ માં (ગ્રૂપ મેટર) નામ. હાઇકોર્ટએ તા.૨૯/૦૬/૨૦૧૮ ના રોજ ચુકાદો (સી.એ.વી. જજમેન્ટ) આપેલ છે.

૨) મા.મ.વિભાગ હેઠળના આ ગ્રૂપ મેટરમાં સંકળાયેલ વર્કચાર્જ કર્મચારીઓને સદર તા.૨૯/૦૬/૨૦૧૮ના ચુકાદા મુજબના લાભો આપવાની બાબત વિચારણા હેઠળ હતી. ઉપરોક્ત વિચારણા બાદ વિભાગના તમામ સંબંધિત અધિક્ષક ઇજનેરશ્રીઓને માર્ગ અને મકાન વિભાગ હેઠળના વર્કચાર્જ કર્મચારીઓ કે જેઓ ગ્રૂપમેટર

એલ.પી.એ.નં.૩૮૦/૨૦૧૬ ઇન એસ.સી.એ.નં.૧૦૮૨૯/૨૦૦૩ અને અન્ય (ગ્રૃપમેટર) માં તા.૨૯/૦૬/૨૦૧૮ના ચુકાદા સાથે સંકળાયેલ છે. તેમજ ત્યારબાદ એલ.પી.એ.નં.૩૮૦/૨૦૧૬ સંદર્ભે અન્ય પીટીશનોમાં આવેલ ચુકાદા સાથે સંકળાયેલ છે તેવા વર્કચાર્જ કર્મચારીઓને તા.૨૯/૦૬/૨૦૧૮ના ચુકાદા મુજબના લાભો આપવાનું જણાવવામાં આવે છે. આથી સંબંધિત વર્તુળ કચેરીઓએ જરૂરી ચકાસણી કરીને તેમની કચેરી હેઠળની પીટીશનોમાં સંકળાયેલ ચુકાદા મુજબ પાત્રતા ધરાવતાં ૨૦ વર્ષની વર્કચાર્જ તરીકેની સેવા પુર્ણ કરી હોય તેવા વર્કચાર્જ કર્મચારીઓને ૨૦ વર્ષની સેવા પુર્ણ કર્યા તારીખથી હંગામી મહેકમમાં સમાવી ચુકાદા મુજબના આનુષંગીક નિયમોનુસાર મળવાપાત્ર ઉ.પ.ધો.ના લાભ આપવાની કાર્યવાહી તાત્કાલિક હાથ ધરવાની રહેશે.

**૩)** વધુમાં સદર પીટીશનોમાં સંકળાયેલ ન હોય અને ૨૦ વર્ષની વર્કચાર્જ તરીકે ની સેવા પુર્ણ કરેલ હોય તેવા વર્કચાર્જ કર્મચારીઓને હંગામી મહેકમમાં સમાવવાં અલગથી વિચારણા કરવા સારૂ આવા કર્મચારીઓની સેવાકીય માહિતી તેમજ પડનાર નાણાકીય ખર્ચની વિગતો સંબંધિત તમામ ખાતાના વડાઓ/વર્તુળ કચેરીઓએ ઝોનલ કચેરીઓને તાત્કાલિક મોકલી આપવાની રેહશે તેમજ ઝોનલ કચેરીઓએ વિગતો સંકલિત કરી મા.મ.વિભાગને તાત્કાલિક રજુ કરવાની રહેશે.

**૪)** ઉપર સુચવ્યા પ્રમાણેની કાર્યવાહી સત્વરે હાથ ધરવા અને નામ.હાઇકોર્ટના ચુકાદા અન્વયે અનાદર ન થાય તે અંગે તકેદારી રાખવા વિનંતી.

**૫)** આ હુકમો વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણા વિભાગની તા.૦૩/૦૨/૨૦૧૯ની નોંધથી મળેલ મંજુરી તેમજ સરકારશ્રીની તા.૨૬/૦૨/૨૦૧૯ની નોંધથી મળેલ અનુમતિથી રવાના કરવામાં આવે છે.

**આપનો વિશ્વાસુ,**

P.V.Shukl

**(પી.વી.શુક્લ)**
**ઉપસચિવ**
**માર્ગ અને મકાન વિભાગ.**

**<u>નકલ : જાણ સારૂ</u>**

(૧) માનનીય મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ–૧, સચિવાલય, ગાંધીનગર.
(૨) માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ–૧, સચિવાલય, ગાંધીનગર.
(૩) એડવોકેટ જનરલશ્રી, સરકારી વકીલશ્રીની કચેરી, નામ.ગુજરાત હાઇકોર્ટ, સોલા, અમદાવાદ.
(૪) અધિક મુખ્ય સચિવશ્રી, નાણાં વિભાગ, સરદાર ભવન, સચિવાલય, ગાંધીનગર.
(૫) સચિવશ્રી ( આ.બા.), નાણાં વિભાગ, સરદાર ભવન, સચિવાલય, ગાંધીનગર.
(૬) સચિવશ્રી, માર્ગ અને મકાન વિભાગ, સરદાર ભવન, સચિવાલય, ગાંધીનગર.
(૭) મુ.ઈ.શ્રી, (મા.મ.) અને અ.સ.શ્રી, માર્ગ અને મકાન વિભાગ, સરદાર ભવન, સચિવાલય, ગાંધીનગર.
(૮) નાયબ સચિવશ્રી (સેવા), નાણાં વિભાગ, સરદાર ભવન, સચિવાલય, ગાંધીનગર.
(૯) લીગલ એક્ઝીક્યુટીવ, માર્ગ અને મકાન વિભાગ, સરદાર ભવન, સચિવાલય, ગાંધીનગર.
(૧૦) સિલેક્ટ ફાઈલ – ૨૦૧૯.